INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા.૨૮.૧૧.૨૦૨૫**

- **ભાજપ સરકારના અણઘડ વહીવટ અને નીતિના કારણે ખેડૂતો, સામાન્ય નાગરિકો અને ફરજ પરના કર્મચારીઓએ પોતાના જીવ ગુમાવવાનો વારો આવ્યો: ડૉ.મનીષ દોશી**
- **ત્રણ કાળા કાયદા,નોટબંધી અને હવે SIR એ ભાજપ સરકારની અવિચારી પગલું: ડૉ.મનીષ દોશી**
- **ભાજપ સરકાર માત્ર ચિંતન શિબિરના નામે નાટક કરવાનું બંધ કરે અને ખરેખર બીએલઓના નિધન પર ચિંતા કરે: ડૉ.મનીષ દોશી**

ગુજરાતમાં SIR કામગીરી દરમિયાન વધુ એક બીએલઓ(બૂથ લેવલ ઓફિસર)નું નિધન અંગે ભાજપ સરકારના અણઘડ વહીવટ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજ્યની ભાજપ સરકારના અણઘડ વહીવટ અને નીતિના કારણે ખેડૂતો, સામાન્ય નાગરિકો અને ફરજ પરના કર્મચારીઓએ પોતાના જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આજે મહેસાણામાં શાળાના આચાર્ય એવા બીએલઓનું કામગીરી દરમિયાન અતિશય ભારણના કારણે હાર્ટ એટેકથી નિધન થવું એ તંત્રની વધુ એક ઘોર બેદરકારીનું પરિણામ છે.ભૂતકાળમાં પણ ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા સામેના આંદોલન કરી રહેલા ખેડૂતોમાંથી ૭૫૦ જેટલા ખેડૂતો શહીદ થયા. ઉતાવળે અને અવિચારી રીતે કરાયેલી નોટબંધીના કારણે બેંકોની લાંબી લાઈનોમાં ઊભા રહેલા ૧૧૦થી વધુ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા. હાલમાં ચાલી રહેલી SIR કામગીરીનું ઉતાવળું અને અવ્યવસ્થિત અમલીકરણ બીએલઓ માટે માનસિક ત્રાસનું કારણ બની રહ્યું છે. સમગ્ર દેશમાં ૨૭થી વધુ અને ગુજરાતમાં જ ૫ થી વધુ બીએલઓના નિધન થયા છે, જેમાં એક બીએલઓએ તો મરણ ચિઠ્ઠી લખીને આત્મહત્યા કરવા મજબૂર થવું પડ્યું હતું. ત્રણ કાળા કાયદા, નોટબંધી અને હવે SIR એ ભાજપ સરકારનું અવિચારી પગલું જે ખેડૂતો,નાગરિકો અને ફરજ પરના કર્મચારી માટે ઘાતક સાબિત થઈ રહ્યું છે.

૧૨ રાજ્યોમાં ચાલી રહેલી SIRની કામગીરીમાં બીએલઓ પર અતિશય કામનું ભારણ છે. તેમને અધિકારીઓના મૌખિક સૂચનાઓ અને દબાણનો સામનો કરવો પડે છે, જ્યારે નેટવર્ક કનેક્ટિવિટીનો અભાવ જેવી મૂળભૂત સમસ્યાઓ પ્રત્યે તંત્ર ગંભીર મૌન સેવી રહ્યું છે. વારંવારની રજૂઆતો છતાં, વ્યવસ્થાના અભાવે, આયોજનના અભાવે અને સરકારની નીતિ-નિયતના અભાવે નિર્દોષ લોકો પોતાના જીવ ગુમાવી રહ્યા છે. ભાજપ સરકાર માત્ર ચિંતન શિબિરના નામે નાટક કરવાનું બંધ કરે અને ખરેખર બીએલઓના નિધન પર ચિંતા કરે. ખાલી કેબિનેટમાં ચર્ચા કરવાથી નહીં ચાલે, હકીકતમાં જમીન પર માનવ સંસાધનની વ્યવસ્થા આપવી જોઈએ.SIRના નામે દેશમાં અફરાતફરી મચાવી દેવામાં આવી છે. સમગ્ર દેશમાં ૨૭ જેટલા બીએલઓએ હાર્ટ એટેક, અસહ્ય તણાવ અને આત્મહત્યાના કારણે જાન ગુમાવી છે. SIR કોઈ સુધારો નહીં, પરંતુ થોપાયેલું અત્યાચાર છે. ચૂંટણી પંચે એવો તંત્ર ઊભું કર્યું છે જેમાં નાગરિકોને પોતાના જ નામ શોધવા માટે ૨૨ વર્ષ જૂની મતદારયાદીના હજારો સ્કેન કરાયેલા પાનાં એક–એક કરી તપાસવા પડે છે. હેતુ સ્પષ્ટ છે કે સાચા મતદારોને થાકી જવા દેવા અને વોટ ચોરીને બેફામ ચાલુ રાખવા. ભારત આખી દુનિયામાં અદ્યતન સોફ્ટવેર બનાવે છે, પણ ભારતનું ચૂંટણી પંચ આજે પણ કાગળોના પર કામ કરી કેમ દેશને પાછળ ઠેલી રહી છે? ડિજિટલ, સર્ચેબલ અને મશીન-રીડેબલ યાદીઓ કેમ મળતી નથી? ભાજપ સરકારની નીતિ અને નિયત નથી. ચુંટણી આયોગ ૩૦ દિવસની ઉતાવળમાં કરવાને બદલે પૂરતો સમય લઈને પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની જરૂર હતી. SIR એક વિચારેલી ચાલ છે જ્યાં નાગરિકોને ત્રાસ આપવામાં આવે છે અને બીએલઓના પ્રાણઘાતક દબાણને "કોલેટરલ ડેમેજ" કહી અનાદરભરી રીતે અવગણવામાં આવે છે. આ નિષ્ફળતા નથી આ ષડયંત્ર છે. સત્તા બચાવવા માટે લોકશાહીની બલિ ચઢાવવામાં આવી રહી છે. ચૂંટણી પંચે તાત્કાલિક ધોરણે કામના ભારણને હળવું કરવા માટે નક્કર વ્યવસ્થા કરવી જોઈએ અને મૃતક બીએલઓના પરિવારજનોને યોગ્ય વળતર અને સહાય પૂરી પાડવામાં આવે, તેવી ગુજરાત કોંગ્રેસ માંગણી કરે છે

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડિયા કન્વીનર અને પ્રવક્તાશ્રી